# નિવેદન

જેઓની વંશપરંપરાથી નિત્ય અર્ચના થતી આવી છે તેવા ભગવાન શિવનાં ચરણકમલમાં મારાઁ કોટિ-કોટિ વંદન. ઇષ્ટદેવ શ્રી એકલિંગજીને નમસ્કાર. સંસ્કૃત ભાષા પ્રત્યે અભિરુચિ હોવાને કારણે મુખ્ય વિષય સંસ્કૃત સાથે બી.એ. કર્યું. બી.એ. પૂર્ણ કર્યા પછી હિમતનગર મુકામે પાણિગ્રહણ સંસ્કારથી હું જોડાઇ. સાસુ-સસરાની એકની એક પુત્ર-વધૂ હોવાને કારણે તેઓએ મને આગળ ભણવા માટે પ્રોત્સાહિત કરી. આથી ભાષાસાહિત્યભવન, ગુજરાત યુનિ.માં વેદાંતશાસ્ત્ર-સંસ્કૃત સાથે એમ. એ. પૂરું કર્યું. થોડાક સમયગાળા દરમ્યાન મને હિંમતનગરમાં જ વ્યાખ્યાતા તરીકેની નોકરી મળી. નોકરી મળ્યા પછી ભાષાભવનમાં પૂજ્ય ગુરુજી ડૉ. વિજયભાઇ પંડ્યા સાહેબના આશીર્વાદ લેવા ગઇ તો તેઓશ્રીએ મને આગળ અભ્યાસ કરવા પ્રોત્સાહિત કરી. ''અધ્યાપક ક્યારેય નિષ્ક્રિય ન હોય. તે આજીવન વિદ્યાર્થી જ રહેવો જોઇએ.'' ડૉ. પંડ્યા સાહેબના આ વાક્યોએ જાણે કે ચમત્કાર સર્જ્યો હોય તેમ મારામાં નવચેતના જાગૃત થઇ. આગળ અભ્યાસ અર્થે-સંશોધન માટે ગુરુજી સાથે પરામર્શ કરતાં પીએચ.ડી. કરવાનો નિર્ણય કર્યો. વેદાંતશાસ્ત્ર હોવાને કારણે ઉપનિષદો પર સંશોધનકાર્ય કરવું મને વધારે યોગ્ય જણાયું. પૂજ્ય ગુરુજી સાથે પરામર્શ કરતાં જાણવા મળ્યું કે મદ્રાસની અડ્યાર લાયબ્રેરીમાંથી સાંખ્ય, યોગ, સામાન્ય વેદાન્ત, શૈવ, શાક્ત મતાનુસારી ઉપનિષદો પ્રકાશિત થયાં છે. વૈદિક સાહિત્યના ઇતિહાસમાં અને ઉપનિષદ વિષયક સાહિત્યમાં આ ઉપનિષદોમાંથી કેટલાંક વિશે છૂટીછવાઇ નોંધ મળે છે. અને તેનો સર્વાંગી અભ્યાસ થયો હોવાનું જાણમાં નથી. જે કંઇ પણ થોડા ઘણા અભ્યાસો થયા છે, તેમાં પણ વિષયવાર ઉપનિષદોને અલગ તારવીને અભ્યાસ થયો હોવાની માહિતી નથી. પ્રશિષ્ટ ઉપનિષદો સિવાયનાં સર્વ ઉપનિષદોનો અભ્યાસ એ બહુ મોટું કામ છે. એટલે આ પ્રશિષ્ટોત્તર ઉપનિષદોમાંથી ''(મુખ્ય ઉપનિષદો સિવાયનાં) વેદાન્ત (બ્રહ્મ) વિષયક ઉપનિષદોનું એક સમીક્ષાત્મક અધ્યયન'' આ વિષયને સંશોધનનો વિષય બનાવ્યો.

વિષય પસંદગી બાદ ડૉ. પંડ્યા સાહેબ દ્વારા 'રજીસ્ટ્રેશન'ની વિધિ પૂરી થઇ. અને એક યજ્ઞ શરૂ કર્યો. પૂજ્ય ગુરુજીના અને ગુરુપત્ની-જયાબેનના આશીર્વાદથી આ શુભ કાર્યનો પ્રારંભ કર્યો. વિદ્યાની કેડી ચીંધનાર સુપથે ગમન કરાવનાર એવા ગુરુજીને કોટિ કોટિ વંદન !

આ કાર્યમાં મારા વિદ્વાન ગુરુવર્ય માર્ગદર્શક ડૉ. વિજયભાઇ પંડ્યા સાહેબનો હું શાબ્દિક સ્વરૂપે આભાર માનવા સક્ષમ નથી. તેઓ મારા જીવનના પણ પથદર્શક બન્યા છે. આ મારી અનુભૂતિ છે તેને વર્ણવી શકાય તેમ નથી. તેઓ સંપૂર્ણ તત્ત્વદર્શી હોવા છતાં વધુ ભાવનાશીલ છે, લાગણીશીલ છે. તેઓની હું અત્યંત ઋણી છું. તેમની હૂંફ, પ્રેરણા અને પ્રોત્સાહન વગર હું આ મહાનિબંધ પૂર્ણ ન જ કરી શકી હોત. મારામાં જે કંઇ અલ્પજ્ઞાન છે તે તેમના પ્રેમાળ આશીર્વાદનું પરિણામ જ છે.

હિંમતનગરથી અમદાવાદ સાહેબના ઘરે જ્યારે હું માર્ગદર્શન માટે જતી હતી ત્યારે ગુરુજીનાં પત્ની-જયાબેનનો હસતો ચહેરો હંમેશાં મને જાણે કે આવકાર આપતો હતો. તેઓ ચા-નાસ્તો કરાવી મારા મુસાફરીના થાકને જાણે કે હળવો બનાવી દેતાં હતાં. મારા આ યજ્ઞને પ્રકાશિત કરવામાં તેઓનો ફાળો છે જ. આ તેઓશ્રીનો પણ જેટલો આભાર માનું તેટલો ઓછો છે. શિવ સાથે પાર્વતી માતાને પણ નમસ્કાર હોય જ તેમ ગુરુ સાથે ગુરુપત્નીને પણ મારા નમસ્કાર.

મહાનિબંધને પ્રેસમાં ટાઇપ માટે લાવવા-લઇ જવા માટે મદદ કરનાર ગુરુના બંને બાળકો સંવેદનભાઇ અને ઝરમરબેનનો હું અંતઃકરણથી આભાર માનું છું.

મહાનિબંધ લગભગ તેના પૂર્ણ સ્વરૂપમાં આવવાની તૈયારીમાં જ હતો, તે દરમિયાન મુંબઇથી ડૉ. એસ. જી. દેસાઇ સાહેબનું 'A Critical Study of the Later Upanishads' નામનું પુસ્તક પ્રકાશિત થયું હોવાની જાણ થઇ. બોમ્બેમાં ભવન્સ કોલેજના સંસ્કૃતના અધ્યાપક પૂજ્ય ડૉ. નારાયણપ્રસાદ પંડ્યા (જેઓ મારા મામા થાય) એ મને એ પુસ્તક ભેટ તરીકે મોકલી આપ્યું. દેસાઇ સાહેબનું આ પુસ્તક મહાનિબંધ માટે ઉપયોગી થયું. આ પુસ્તક સત્વરે મોકલી આપનાર મામાનો પણ અહીં આભાર માનું છું.

મારો કોલેજકાળના ડો.વાસુદેવ પાઠક, પ્રો. ચન્દ્રિકાબેન પાઠક અને ઉત્પલાબેન પંડયા જેવા ગુરુજનોએ મારી શૈક્ષણિક કારકિર્દી ઘડવામાં અનેરો ફાળો આપ્યો છે. તો આ ક્ષણે તેઓનું સ્મરણ કરું છું.

મારો માતા-પિતાના આશીર્વાદ હંમેશાં મને મળતા રહ્યા છે. માતાપિતાનાં ચરણોને નમસ્કાર.

'' કામ અઘરું છે તેથી જ તે કરવા યોગ્ય છે સાધારણ કામ તો બધા જ કરે છે.'' મોટાભાઇ માર્કન્ડભાઇ તથા ભાભી ભાવનાબેન આવાં વાકયોથી વારંવાર પ્રોત્સાહિત કરતાં રહ્યાં અને લક્ષ્યને વીંધવા માટે પ્રેરકબળ પૂરું પાડતાં રહ્યાં તો ભાઇ-ભાભીનો પણ આભાર માનું છું.

મારા આ યજ્ઞમાં વિશેષ આહુતિ આપનાર તો છે મારા પૂજ્ય સાસુ સસરા, મારા પતિ અને બે બાળકો. મારી પ્રગતિમાં હંમેશાં ખુશ રહેનાર મારા સાસરાજીના આશીર્વાદની વૃષ્ટિ હંમેશા વરસ્યા કરે તેવી અભ્યર્થના. બે નાનાં બાળકો, સાસુ - સસરાની બિમારી, ઘરનો કાર્યભાર વગેરેને કારણે કયારેક હતાશા થઇ જવાય, શારીરિક શ્રમને કારણે કયારેક માનસિક રીતે ભાંગી પડતી તો મને પ્રોત્સાહિત કરી યોગ્ય સલાહ-સૂચન અને માર્ગદર્શન આપનાર મારા પતિ જયંતભાઇનો પણ અહીં આભાર માનવો જ રહ્યો. એક પુરુષની સફળતાનું કારણ સ્ત્રી હોય છે તેમ એક સ્ત્રીની સફળતા એક પુરુષને આભારી છે.

શારીરિક રીતે અશક્ત એવા મારા સાસુએ કયારેક પોતાની શારીરિક બિમારીને નેવે મૂકી હરહંમેશ સાથ-સહકાર આપેલ. આ યજ્ઞમાં તેઓએ જે બલિદાનરૂપી આહુતિ આપેલ છે, તેનાથી તો મારો આ યજ્ઞ વધુ પ્રજ્વલિત બન્યો છે. તેઓનો પણ અહીં આભાર માનું છું.

ગુજ. યુનિ. પુસ્તકાલય, એલ.ડી. ઇન્ડોલોજી, અમદાવાદ અને હિંમતનગરના આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના ગ્રંથપાલશ્રી, ઇડર આર્ટ્સ - કોમર્સ કોલેજના ગ્રંથપાલશ્રી અને આચાર્યશ્રી એ મને પુસ્તકાલયનો ઉચિત ઉપયોગ કરવા દીધો તે બદલ તે સહુનો આભાર.

મારી કોલેજના અચાર્યશ્રી ડૉ. પીયૂષભાઇ પટેલ સાહેબ કે જેઓ પાસેથી

હંમેશાં પ્રેરણાનાં પીયૂષ મળતાં રહ્યાં છે. સંશોધનકાર્ય માટે તેઓએ મને સગવડતા પૂરી પાડી મારા કાર્યને સરળ બનાવી દીધું તો તેઓશ્રીનો પણ ઋણ સ્વીકાર કરું છું. કોલેજના પ્રમુખશ્રી ડાહ્યાભાઈ પટેલ સાહેબ જેઓએ મને ઉચિત અવસરે પ્રોત્સાહિત કરી પીઠબળ આપ્યું, તેઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરું છું.

મહાનિબંધને સુવાચ્ય અક્ષરે અને ઝડપથી છાપકામ કરાવી [illegible] મયંકભાઈ અને ડૉ. રમણીકભાઈ શાહ સાહેબનો આભાર વ્યક્ત કરું છું.

[illegible]